# શિવ અવતરણ



ઓમશાંતિ મીડિયા — મહાશિવરાત્રિ

# વિશ્વ રચયિતા પરમાત્માનું આગમન ભારતમાં ...!

**"બધા પોતાના જીવનમાં જોઓ કે જયારે આપણા જીવનમાં કોઈ સંકટ આવે છે ત્યારે તે સમયે આપણે આપણા દેવ-દૂતોને યાદ કરીએ છીએ. જયારે આ સંસારના દેવ-દૂતો દ્વારા એ માની લીધુ કે તે પણ કંઈજ ન કરી શકે ત્યારે આપણે ચાત્રક નજરથી ઉપર તરફ જોઇને કહીયે છીએ કે હે ભગવાન તમે જ મને આ સંકટ માંથી મુકત કરી શકશો. ઘણી વખત કાઢીયા છે ! તે જ નિરાકાર પરમાત્મા વિશ્વ રચયિતા આપણા બધાના માત-પિતા સ્વયં ધરતી પર અવતરીત થઇ આપણને ખુબ સ્નેહ અને પ્યાર થી આ સંકટો માંથી મુકિત અપાવી રહ્યાં છે. ભગવાન શબ્દ પણ આમ જોએ તો સંપતિવાનું વાચક છે, તેથી જ તો લોકો તેમને યાદ કરે છે તે દુઃખ દુર કરનાર, સંકટ મોચન પરમાત્મા આપણને ફરીથી એમની યાદ અપાવે છે તેના માટે દુનિયામાં કહેવત છે કે તારી સત્તા વગર, હે પ્રભુ મંગલ મય, પત્તુ પણ હલતુ નથી,ખીલતુ નથી કોઇ ફુલ. "**




**હે આત્માઓ હવે તો ઓળખો ! જેને પોતાના મંદિરો,મસ્જિદો અને ગુરુદ્વારોમાં શોધ્યા,તીર્થ યાત્રાઓ કરી તો પણ મારાથી દૂર જ રહ્યા. હું તે જ નિરાકાર પરમપિતા તમને સર્વને ફરીથી દુઃખોથી મુકત કરવા, સતયુગી ભારત બનાવવા અને તમને આત્માઓને શાંતિ અને સુખનો વાર્સો આપવા માટે ફરી અવતણ કરી ચુકયો છું. હવે તો જાગો,મને ઓળખો. બધાએ જાણ્યા,તમે પણ જાણો કે હુઁ જ તમારી આત્માના પિતા નિરાકાર શિવ છું.**

**મ**નુષ્ય બજારમાં જાય છે ત્યારે જોઓ છે કે કોઇ જગ્યાએ આવા સાઇન બોર્ડ લગાવ્યું છે બીજી દુકાને લખ્યું છે ટ (દાંતોના ડૉકટર),ત્રીજી દુકાને લખ્યું છે ઇલેકટ્રીશિયન તો તે આવા વ્યવસાય કર્તાઓને યાદ રાખે છે કેમકે જો કોઇ વખત દાંતમાં દુખાવો થાય તો તે ડૉકટરની પાસે જઇને ઇલાજ કરાવે, જયારે મકાનનો નકશો બનાવો હોય તો તે આર્કિટેકટની પાસે જઇને નકશો બનાવી આવશે અને જો વીજળી સમ્બન્ધી કોઇ કાર્ય કરવાનું હોય તો તે સમયે ઇલેકટ્રીશિયન ની પાસે જશે પરંતું જેવી રીતે તે-તે વ્યકિતઓ ના આવા-આવા વ્યવસાયિક નામ છે. તેવી જ રીતે પરમાત્માના તો આવા અનેક કર્તવ્યવાચક નામ છે. જેનાથી સિધ્ધ થાય છે કે તેઓ દુઃખ હર્તા, સુખકર્તા , પાપોથી મુકત કરવા વાળા, મનુષ્યનું કલ્યાણ કરવાવાળા, અમૃત-પિવડાવવા અને કાલકંટક તેમજ સંકટ દૂર કરવા વાળા છે. તો પછી મનુષ્ય પરમાત્માના આ નામ રૂપી સાઇન બોાડની તરફ કેમ નથી ધ્યાન આપતા ? તે પરમાત્માના કર્તવ્યવાચક નામો ને જાણવા છતાં તેમની પાસે કેમ નથી પહોંચતા ? જેમ કે આજે તે દુઃખી છે અને સુખ ચાહે છે તો તે પરમાત્માથી સુખ કેમ નથી પ્રાપ્ત કરી શકતા ? મનુષ્ય પોતાના કાલ કંટક દૂર કરવા અને ભંડારા ભરપૂર કરવાના આ ઉપાય કેમ નથી કરતા ? અગર તેને ભગવાનનો સત્ય પરિચય હોત તો આજે રોનક જ કંઇક અલગ હોત અને તે જ સૌથી મોટી તકલીફ છે કે ભગવાન કહેવા તો કોને ? જો આપણે કલ્યાણકારી પરમપિતાનો હાથ પકડયો હોત તો આજે ભારતની આવી દશા થોડી હોત ? સ્પષ્ટ છે કે તેને આ જ્ઞાન જ નથી કે પરમાત્માનો પરિચય પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે તેથી તેના દુઃખનો અંત થાય અને તેને સંપૂર્ણ તેમજ સ્થાયી સુખની પ્રાપ્તિ થાય. તેના બદલામાં અમારી પાસે બીજો કોઇ વિકલ્પ નથી. આ સમયે અમે બે કાર્ય કરી શકીએ, યા તો માની લઇએ કે ભગવાન છે કે પછી નથી તેનાથી તમારી દુવિધા દૂર થઇ જશે, કેમ ? કેમકે આપણા માનવા કે ન માનવાથી પરમાત્માનું અસ્તિત્વ નથી મટવાનું તે છે જ, તો આવો એક કદમ તેમની તરફ વધારીએ.



दादी जानकी, मुख्य प्रशासिका,ब्रह्माकुमारीज़

આજે ચારેયબાજુ એક જ લહેર છે કે કોઇ અમારા મનને દિલાસા આપે, અમને પ્રેમ આપે, અમારી ભાવનાઓને સમજે, અમારા દિલને ચેન, યા આરામ આપવા માટે દિલારામ પરમાત્મા શિવ આ ધરતી પર અવતાર લઇ ચુકયા છે. અને અમે બધા તેમનો પૂરે-પૂરો સુખ લઇ રહીયા છીએ હુઁ ચાહુ કે તમે બધા પણ તે દિલારામ પરમાત્માનું સુખ લો, હવે તે સુર્વણ સમય આપણા બધાની નજરની સામે હશે, કેમ કે પરમાત્મા શિવ ના આગમન દ્વારા નવી દુનિયાનું આગમન નશ્ચિત છે ભારત દેશ પુનઃ દેવભૂમિ, અને ધનધાન્યથી સંપન્ન બનશે. જયા સુખ-શાંતિ તેમજ સંપત્તિના અખૂટ ભંડાર હશે. એવી સુર્વણ દુનિયાનો શુભ સંદેશ, જન-જન સુધી પહોંચાડવો અમારૂ કર્તવ્ય છે. પરમાત્મા શિવની અમે બાળકો પ્રતિ એજ શુભ આશા છે કે હે બાળકો તમને જે કંઇ મળ્યુ છે જે જન-જન ને વહેંચો અને તેને વધારતા જાઓ, અમે તો ઓળખ્યા, તમે લોકો પણ તેમને ઓળખો, એવું ના થાય કે તમે વચિંત રહી જાઓ, કોઇ ઉલ્હના ન આપે કોઇ એવું ના કહેવા માંડે કે ભગવાન આવ્યા અને તમે અમને બતાવ્યુ નહી. તો આ મહાશિવરાત્રીના પ્રસંગે ચારેય તરફ શિવ-સંદેશ ફેલાવો. જેનાથી આખા વિશ્વમાં ખુણે-ખુણેથી એક જ આવાજ આવે કે અમારા પરમાત્મા શિવ આ ધરતી પર આવી ચુક્યા છે. આજ શુભ આશા અને શુભભાવન સાથે તમને શિવજયંતિની હાર્દિક શુભકામનાઓ.

આત્માઓનો જન્મ થાય છે અને પરમાત્માનું અવતરણ. આત્મા અને પરમાત્માં આ જ પ્રથમ અંતર છે. કર્મ બંધન ને કારણે ગર્ભ થી ઉત્પન્ન થવાથી, આત્માઓ જન્મ-મરણના ચક્રમાં આવી જાય છે પરંતુ પરમાત્મા આવાગમનના ચક્રમાં નથી આવતા તે પુનઃજન્મના ચક્રથી પરે છે. કર્માતીત હોવાના કારણે પરમાત્મા કોઇના પણ ગર્ભમાં નથી આવતા. કોઇ માઁ તે સર્વશકિતમાનને પોતાના ગર્ભમાં ધારણ નથી કરી સકતી.પરમાત્મા શિવ સ્વયંભૂ છે. સર્વ આત્માઓના કલ્યાણર્થ તે અવતરિત થાય છે એટલે કે પરકાયા પ્રવેશ કરે છે તે યોગ બલ થી પ્રકૃતિને વશ કરી એક મનુષ્ય તનમાં પ્રવેશ થાય છે અને તેના મુખ દ્વારા સર્વ જીવાત્માઓ ને પ્રાયઃલુપ્ત ગીતા જ્ઞાન તથા સહજ રાજયોગની શિક્ષા આપી અધર્મનો વિનાશ તથા સત્-ધર્મની પુનઃસ્થાપના કરાવે છે. ભારત વર્ષમાં યોગિયોની પરકાયા પ્રવેશની વાત તો સર્વ-પ્રસિધ્ધ છેં તો પછી પરમાત્મા શિવ તો યોગિયોંના પણ ઇશ્વર છે.

## પરમાત્માનું નિવાસ સ્થાન પરમધામ

**પ**રમાત્મા શિવ દેવો ના પણ દેવ મહાદેવ



બ્રહ્મા,વિષ્ણુ અને શંકરના પણ રચયિતા છે જેને આપણે ત્રિમૂર્તિ,ત્રણેય લોકના માલિક ત્રિલોકીનાથ અને ત્રણેય કાળને જાણવા વાળા ત્રિકાળદર્શી કહેવાય છે. વિશ્વની બધી આત્માઓ, ચાહે તે દેવ આત્મા છે, મહાન આત્મા છે, પૂણ્ય આત્મા છે, ધર્માત્મા છે કે પિતા પરમપિતા પરમાત્મા શિવ છે. તે અજન્મા, અભોકતા છે. તેમનું રૂપ નિરાકાર જયોર્તિબિંદુ છે, તે પરમધામ નિવાસી છે શિવનો અર્થ કલ્યાણકારી છે. પરમાત્મા નિરાકાર છે તેનો અર્થ એવો નથી કે તેનો કોઈ આકાર નથી પરંતુ તેનું કોઈ શરીર નથી. આકારનો અર્થ સ્થૂળ આંખોથી ન દેખોતો સૂક્ષ્મ જયોર્તિબિંદુ સ્વરૂપ છે.

**પરમાત્માનું નિવાસ સ્થાન પરમધામ**

દેવતાઓના સૂક્ષ્મલોક થી પણ ઉપર એક અસિમીત રૂપથી ફેલાયેલું તેજ, સોનેરી લાલ રંગનો પ્રકાશ છે જેને અંખડ જયોર્તિ મહતત્વ અથવા બ્રહ્મતત્વ કહેવાય છે. આ પાંચ પ્રાકૃતિક તત્વથી અતિ સૂક્ષ્મ છે તેનો પણ સાક્ષાત્કાર દિવ્યચક્ષુ દ્વારા જ થઈ શકે. આ સ્થાનને બ્રહ્મલોક,પરમધામ,મુકિ-તધામ,શાંતિધામ,નિર્વાણધામ,મોક્ષધામ અથવા શિવપૂરી કહેવામાં આવે છે. આ લોકમાં ન સંકલ્પ છે ન કર્મ છે. આપણે પોતાનું હાથ અને મુખ ઉપરની તરફ જ ઉઠાવીએ છીએ કેમકે જાણે અજાણે આ સ્મૃતિ પરમપિતા પરમાત્માની છે જે ઉપર પરમધામાં નિવાસ કરે છે.

## જયોર્તિબિંદુ પરમાત્માનું રૂપ

**બ**ધા ધર્મોમાં સર્વશકિતમાન પરમાત્માના વિષયમાં એક વાત સર્વમાન્ય છે કે પરમાત્મા જયોર્તિબિંદુ સ્વરૂપ છે. શિવલિંગનું કોઈ શારીરિક રૂપ નથી કેમકે આ જ પરમાત્માનું સ્મરણ ચિન્હ છે શિવનો શાબ્દિક અર્થ છે કલ્યાણકારી અને લિંગનો અર્થ છે પ્રતિમા અથવા ચિન્હ તેમજ લક્ષણ અંતઃ શિવલિંગનો અર્થ થયો કલ્યાણકારીપરમપિતા પરમાત્માનીપ્રતિમા. પ્રાચિનકાળમાં શિવલિંગ હીરા (જેમ કે પ્રાકૃતિક રૂપથી જ પ્રકાશવાન હોય છે ) થી બનાવવામાં આવતું હતું કેમકે



પરમાત્માનું રૂપ જયોર્તિબિંદુ છે વિભન્ન ધર્મોમાં પણ પરમાત્માને આ જ આકારમાં માન્યતા આપવામાં આવી છે. અનેક પવિત્ર અવસરોમાં જયોર્તિ સ્વરૂપ પરમ પ્રિય પરમાત્માની સ્મૃતિમાં પોતાના ધરો,તેમજ ધાર્મિક સ્થાનો ,મંદિરો અને ગુરૂદ્વારે વગેરે માં દિવો અથવા જયોર્તિને ખાસ પ્રગટાવે છે ભારતમાં વિશ્વના ૧૨ પ્રસિધ્ધ મઠ ને પણ જયોર્તિલિંગ મંઠ કહેવામાં આવે છે.

# શિવના અવતરણોત્સવ – શિવરાત્રિ


**આ**ત્માઓનો જન્મ થાય છે અને પરમાત્માનું અવતરણ. આત્મા અને પરમાત્માં આ જ પ્રથમ અંતર છે. કર્મ બંધન ને કારણે ગર્ભ થી ઉત્પન્ન થવાથી, આત્માઓ જન્મ-મરણના ચક્રમાં આવી જાય છે પરંતુ પરમાત્મા આવાગમનના ચક્રમાં નથી આવતા તે પુન:જન્મના ચક્રથી પરે છે. કર્માતીત હોવાના કારણે પરમાત્મા કોઇના પણ ગર્ભમાં નથી આવતા. કોઇ માઁ તે સર્વશકિતમાનને પોતાના ગર્ભમાં ધારણ નથી કરી સકતી.પરમાત્મા શિવ સ્વયંભૂ છે. સર્વ આત્માઓના કલ્યાણર્થ તે અવતરિત થાય છે એટલે કે પરકાયા પ્રવેશ કરે છે તે યોગ બલ થી પ્રકૃતિને વશ કરી એક મનુષ્ય તનમાં પ્રવેશ થાય છે અને તેના મુખ દ્વારા સર્વ જીવાત્માઓ ને પ્રાય:લુપ્ત ગીતા જ્ઞાન તથા સહજ રાજયોગની શિક્ષા આપી અધર્મનો વિનાશ તથા સત્-ધર્મની પુન:સ્થાપના કરાવે છે. ભારત વર્ષમાં યોગિયોની પરકાયા પ્રવેશની વાત તો સર્વ-પ્રસિધ્ધ છેં તો પછી પરમાત્મા શિવ તો યોગિયોંના પણ ઇશ્વર છે.પરમાત્માનું અવતરણ જ્ઞાન-યોગની શિક્ષા આપીને જીવાત્માઓને પતિત થી પાવન બનાવવા માટે થાય છે અગર જો તે ગર્ભથી જન્મ લે તો ગર્ભનો સમય અને બાલ્યાવસ્થાનો સમય વ્યર્થ જતો રહે. યુવાવસ્થા પણ વૃધ્ધોને શિક્ષા આપવા માટે યોગ્ય નથી.આધ્યાત્મિક શિક્ષણતો વાનપ્રસ્થ અવસ્થામાં જ



પ્રભાવશાળી ઢંગથી આપી શકાય, જયારે મનુષ્ય અનુભવ સંપન્ન બની જાય.જો ગર્ભથી જન્મ લે તો પછી પરમાત્માને જ્ઞાન આપવા પૂર્વ પચાસ વર્ષ શરીરને પરીપકવ બનાવવાની પ્રતિક્ષામાં જ લગાવવા પડે. અત: પરમાત્મા એક વૃધ્ધ, અનુભવી તનમાં દિવ્ય પ્રવેશ કરે છે અને તેના દ્વારા તરત જ જ્ઞાન-યોગની શિક્ષા આપવા લાગે છે. વીસમી સદીમાં આજ રીતે એક અસફળ પ્રયોગ કર્યો હતો.પોતાના મહાપરિનિર્વાણ થી પહેલા બુધ્ધે કહ્યુ હતું કે ૨૫૦૦ વર્ષ પહેલા જ હુઁ મૈત્રેય નામથી ફરી વાર જન્મ લઇશ કેમકે તે સમયે ફરી ધર્મગ્લાની થઈ જશે. થિયોસૉફી કે કર્ણધાર એની બેસેન્ટ વગેરે ને અનુભવ થયો કે બુધ્ધની આત્મા જન્મ લેવા માટે ઉત્સુક છે પરંતું આવી શક્તિશાળી આત્મા માટે યોગ્ય ગર્ભ નથી મળી સકતો તેમને લાગ્યું કે યોગ્ય ગર્ભના અભાવથી આવો સ્વર્ણ અવસર સદાયને માટે ખોઇ નાખશે. અત: તેમણે બીજો વિકલ્પ શોધ્યો. તેમણે વિચાર કયો કે એક મનુષ્યને એટલો તૈયાર કરવામાં આવે કે તે પોતાની આશા, આકાંક્ષા અને અહંને વિસર્જિત કરી મૈત્રેયના અવતરણ માટે ઉપયોગી વાહન બની જાય. તેઓ એ આ કાર્ય માટે કેટલાય પ્રતિભા-સમ્પન્ન છોકરાઓને પસંદ કર્યા જેમાં હતા કૃષ્ણામૂર્તિ અને તેમના ભાઈ પણ હતા. પ્રયોગ ની વચ્ચે જ કૃષ્ણમૂર્તિના ભાઇનું મૃત્યુ થઇ ગયું તો તેમણે બધુ જ ધ્યાન કૃષ્ણમૂર્તિ પર લગાવ્યું. એનીબેસેન્ટ તેમને ઇંગ્લેન્ડ લઇ ગયા અને તે સમય ના બધા જ શ્રેષ્ઠ શિક્ષકો દ્વારા તેમને શિક્ષા આપી અને તેઓ એ મૈત્રેયનું વાહન બનવાનું સ્વીકાર કરી લીધું વિધિવત ઘોષણા કરી કે અમુક તારીખ અને અમુક સમયે કૃષ્ણમૂર્તિ પોતાના અહમત્વ ને પૂર્ણ રૂપથી ત્યાગ કરી અને મૈત્રેયની આત્મા તેમના માં પ્રવેશ કરી જશે. ફરી તેના માધ્યમથી મૈત્રેયની આત્મા જ પોતાનું બધું કાર્ય કરશે. વિશ્વ ઇતિહાસમાં આ અભૂતપૂર્વ દ્રશ્યને જોવા માટે વિશ્વભરમાં થિયોસૉફિસ્ટ એકઠા થયા. પરંતુ એજ સમય પર કૃષ્ણમૂર્તિને વિદ્રોહ કર્યા અને મૈત્રેયને પોતાનું વાહન અસ્વીકાર કરી દીધું . આ દુર્ઘટનાથી થિયોસૉફી આંદોલન ને એટલો જોરદાર ધક્કો પહોંચ્યો કે પછી તે પોતાને સંભાળી ન શકયા.

## હાઁ, પરમાત્માનો અમે અનુભવ કર્યો

### પરમાત્મા એ મને ગોદમાં બેસાડયો



આખા વિશ્વમાં આવી વ્યવસ્થા નથી જેવી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં છે આ અનુભવ કરવાની વાત છે, મુખથી વર્ણન કરવાની વાત નથી હુઁ જયારે માઉન્ટ આબુમાં પરમાત્મા મિલનના અવસર પર પહોંચ્યો તો મને એવો અનુભવ થયો જેમકે એક નાનું બાળક પોતાના ઘરમાં માઁ-બાપની ગોદીમાં હોય એવું લાગ્યુ કે જાણે તે મને પ્રેમ કરી રહ્યા હોય. અહીંનું પવિત્ર વાતાવરણ અને વ્યવસ્થા જેવું પારદર્શિતા સંસારમાં બીજી કોઇ જગ્યાએ નથી – મહામંડલેશ્વર દર્શન સિંહ ત્યાગમૂર્તિ, અધ્યક્ષ ષ્ડ્દર્શન સાધુસમાજ એવમ્ ધર્મસ્થાન સુરક્ષા ટ્રસ્ટ, હરિદ્વાર.

### આ મિલનથી ભાવાતીત થયા



જીવ ઇશ્વર સાથે કેવી રીતે મળે તેનું જ્ઞાન પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં આપવામાં આવે છે. અહીં યોગ, ધ્યાન,સાધના,ઉપાસના તથા આરાધનાની જે વિધિ શિખવાડવામાં આવે છે, તેનાથી જ આત્મા એવમ્ પરમાત્માનું મિલન સંભવ છે. સંસાર પરિવર્તન માટે પરમાત્માએ આ સંસ્થાની સ્થાપના કરી છે. ડાયમંડહૉલમાં બાબા મિલનમાં મને દિવ્ય અનુભવ થયો અને સાક્ષાત્ ભગવાનની અનુભૂતિ થઇ. – રસિક પીઠાધીશ મહંત જન્મજેયશરણ, અધ્યક્ષ શ્રી રામ જન્મભૂમિ મંદીર નિર્માણ ન્યાસ, જાનકી ઘાટ બડા સ્થાન, અયોધ્યા.

### આ જ્ઞાનથી જ સુંદર ભવિષ્ય સંભવ



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયની ભણતરનો પહેલો ઉદ્દેશ્ય છે કે વ્યકિત પહેલા પોતાને જાણે કે હુઁ કોણ છું, મારો પોતાનો અસલી દેશ કયો છે, આપણી સંસ્કૃતિ શું છે ? મારું માનવુ છે કે આજે જે પ્રકારનું શિક્ષણ પધ્ધતિ પશ્ચિમી થતી જઇ રહી છે તેને જો આપણી સંસ્કૃતિની તરફ લાવવી હોય તો તેના માટે આવી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયનું હોવું આવશ્યક છે. આજે સમાજમાં સૌથી મોટી જરૂરીયાત શાંતિ ની છે. તે પણ બ્રહ્માકુમારીઝ દ્વારા જ સમાજ ને પ્રાપ્ત થઇ શકશે તેઓના જ્ઞાનથી જ સુંદર ભવિષ્ય આવશે અને સમાજ તથા રાષ્ટ્રને ઉત્કૃષ્ટ કરશે. –શાસ્ત્રી જીવનદાસ, મૈનેજિંગ ટ્રસ્ટી શ્રીસ્વામી નારાયણ ગુરૂકુલ.

### ઇશ્વરની ઉપસ્થિતિનો અનુભવ




આ વિશ્વ વિદ્યાલયમાં જોવા મળે છે. ભલે તે મુરલીઓ ના માધ્યમ થી હોય, ભલે દાદિ-દિદિઓ ના માધ્યમથી હોય, અહી જે વાણીઓ સાંભળવા મળે છે તે સાક્ષાત્ ઇશ્વરની જ લાગે છે. જે જીવન જીવવાની રીત આ સંસ્થામાં બતાવવામાં આવે છે. તે બધા સંપ્રદાયોં થી ઊંચી રીતે છે અને સમાજ ના ઉત્થાન માટે છે. અવ્યકત બાબા ને મળ્યા પછી જ મારો આ અનોખો અનુભવ રહ્યો. એવી ભાસના થઇ કે દાદી નથી, ત્યા બ્રહ્મા બાબા જ બેઠા છે. – જસવીરસિંહ, રાજસ્થાન અલ્પસંખ્યક આયોગ કે પૂર્વ અધ્યક્ષ.

### આબુમાં સાક્ષાત્ ભગવાનનું મિલન



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં શાંતિ વ સદ્ભાવનાનો સંદેશ આપવામાં આવે છે. માઉન્ટ આબુમાં આવવાથી મને સ્વર્ગ જેવો અનુભવ થયો. અમે સાક્ષાત્ ભગવાનને મળ્યા, તેઓ એ અમારી સાથે વાત કરી. પૈસાથી મખમલના ગાદલા તો ખરીદી શકીએ છીએ, ઊંચી કિંમતની ચાદર પણ લઇ શકીશું પરંતું ગહરી ઉંઘ તો આધ્યાત્મ થી જ પ્રાપ્ત કરી શકીએ. આ સંસ્થા સંપૂર્ણ વિશ્વમાં સ્થાપિત થવાના કારણે આધ્યાત્મિકતા ચારેય બાજુ ફૈલાયેલ છે જેથી સમાજ માટે તે ઑકિસજનું કામ કરી રહી છે. – મહામંડલેશ્વર શ્રી જનાર્દન મહારાજ સતપંત ફૈજપુર


### આ અનુભવને ભુલી નથી શકતો



આ ઇશ્વરીય જ્ઞાનથી અમારા જીવનના પ્રત્યે જે વિચાર જોવાની ભાવના હતી તે તો બિલકુલ જ બદલી ગઇ. આ એક દવા વગરની વન્ડરફુલ ટ્રીટમેંટ છે. મનની એવી કોઇ બિમારીયો છે કે જેની કોઇ દવાઓ હોતી નથી પરંતુ અહી મેડીટેશનની પ્રેકટિસ થી તથા પરમાત્માની યાદ થી આ બિમારીઓ એક દમ સારી થઇ જાય છે. પહેલી વાર જયારે હુઁ બાબા ને મળ્યો તો મારા શરીરના બધા રૂવાટા ઉભા થઇ ગયા અને આજે પણ હુઁ પરમાત્માના એ મિલનને ભૂલી નથી શકતો. – ર્ડા.એસ.પી. લોચડ, સીનિયર સાઇન્ટિસ્ટ, હેલ્થ ફિજિકસ, ડિપાર્ટમેંટ,ન્યૂકિલયર સાઇંસ સેંટર, નવી દિલ્લી.

## હું, બ્રહ્માના મસ્તકથી પ્રગટ થયો

શિવપુરાણમાં પણ લખ્યુ છે કે ભગવાન શિવે કહ્યુ છે કે – હુઁ બ્રહ્માજીના લલાટ થી પ્રગટ થઇશ. આગળ લખ્યુ છે તે કથન અનુસાર સમગ્ર સંસાર પર દયા (અનુગ્રહ) કરવા માટે શિવ બ્રહ્માજીના કપાળ(લાલટ)થી પ્રગટ થયા અને જેમનું નામ રુદ્ર થયું. શિવપુરાણમાં આ પણ લખ્યુ છે કે જયારે બ્રહ્માજી દ્વારા સતયુગી સૃષ્ટિની રચનાનું કાર્ય તીવ્રગતિથી ન થયું અને તેના કારણે નિરુત્સાહ થઇ ગયા. ત્યારે શિવે બ્રહ્માજીના શરીરમાં પ્રવેશ કર્યો, બ્રહ્માાજીને ઉત્સાહિત કરી એમના મુખ દ્વારા સૃષ્ટિ રચી. શિવપુરાણમાં અનેક વાર એ ઉલ્લેખ આવ્યો છે કે ભગવાન શિવે પહેલા પ્રજાપિતા બ્રહ્માની રચના કરી અને પછી તેના દ્વારા સતયુગી સૃષ્ટિની રચના કરી. આ પૌરાણીક કથાનો ભાવ એ છે કે પરમપિતા પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહમાના મસ્તક (લલાટ)માં અવતરિત થયા અને તેમના મુખ દ્વારા ઇશ્વરી જ્ઞાન તથા સહજ રાજયોગની શિક્ષા આપીને સંસારનું કલ્યાણ કર્યુ.



મહાભારતમાં લખ્યું છે કે ભગવાનને બ્રહ્માના શરીરમાં પ્રવેશ કરી ને જ્ઞાન આપી સતયુગની પુન:સ્થાપના કરી.

### આ ક્ષણ મારી યાદગાર બની ગઇ. .



જે પૂર્ણ બ્રહ્મ પરમેશ્વર શિવબાબા જ છે જેમનું ધ્યાન લગાવી, માર્ગદર્શન લેવા સૌ એકત્રિત થાય છે, તેની અનુભૂતિ કરે છે એ છે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય જે વિદ્યા સાક્ષાત્ ઇશ્વરની પ્રાપ્તિ કરાવી દે છે તે જ આ જ્ઞાન છે. વિશ્વમાં સુંદરમાં સુંદર શહેર હોય તો તે છે માઉન્ટ આબુમાં સ્થિત બ્રહ્માકુમારીઝ આશ્રમ. ઇશ્વરની પ્રાપ્તિ ફકત અહીંયા જ થઇ શકે છે. – ર્ડા.સ્વામી કેશવાનંદ સરસ્વતી, કાશી

### ભગવાન જ પ્રેમ કરી શકે છે.



દુનિયાનાં સંબંધો માં જે ભાસના આવે છે તેમા હંમેશા મને મોહ ની ફીલિંગ આવે છે. તેમાં રડુ પણ આવી જાય છે. હુઁ એવું વિચાર તો હતો કે મને કોઇ એવું મળી જાય જે મને ભરપૂર સુખ આપે, તેના બદલામાં મારાથી કોઇ વસ્તું ની અપેક્ષા ન રાખે આ ઇચ્છા પરમાત્મા એ પૂરી કરી જેનાથી હુઁ ભરપૂર થઇ ગયો. આ ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય વસ્તુત: એક દેવત્વને ઘડનાર વિશ્વ વિદ્યાલય છે. મને અહી આવીને જે પરમાત્માને મળી જે અતિઇન્દ્રિયસુખનો અનુભવ થયો. હુઁ ઇચ્છું કે સર્વ મનુષ્યો તેનો લાભ લે.મને હવે લાગે છે કે પરમાત્મા મારા બની ગયા છે અને હુઁ બહુ જ સુખી થઇ ગયો. આ આધ્યાત્મિક જ્ઞાન સંપૂર્ણ મનાવ સમાજના માટે એક એવો રસ્તો છે જેનાથી મનુષ્યનું નૈતિક જીવનતો સુધરે છે અને સાથે-સાથે તેમનું અંતરમન પણ નિર્મળ બની જાય છે. – પી.કે.સિંહ, ડિપ્યુટી ડાયરેકટર જનરલ દૂરદર્શન, દિલ્લી.

# મહા પરીવર્તન આરંભ થઇ ચુક્યો છે ...!!!

**એક માન્યતા છે કે જયા વિરોધ છે ત્યાજ પરિવર્તન છે. પરંતુ શું તે પરિવર્તન સર્વમાન્ય છે કે સ્થાયી છે ? કદાચ નહીં! કેમકે જયારે આપણે શાંતિ સ્થાપન કરવી છે તો આપણે વિરોધ કેમ કરીએ ? બસ આ જ કાર્ય નિંવિરોધ રૂપ થી પરમાત્મા અમારાથી કરાવી રહ્યા છે અને તેનો પાયો તેમણે ભારતમાં માઉન્ટ આબુમાં રાખી દીધો છે. આજે માનવની પરીસ્થિતીને બદલવા માટે અથવા એમ કહીંએ કે મહાપરિવર્તન માટે તે શાંતિના સાગર પરમાત્મા શિવ આ ધરતી પર અવતાર લઇ ચુક્યા છે !**



એક માન્યતા પ્રચલિત છે કે જયારે કોઇ વસ્તુનો વિરોધ થાય છે ત્યારે જ પરિવર્તન થાય છે. પરંતુ આજ ના સમયમાં તે પરીવર્તન સર્વમાન્ય વ સ્થાયી નથી માનવામાં આવતું, કેમકે તેને સહજ ભાવથી લોકો એ સ્વીકારેલું નથી હોતું. મદર ટેરેસા પણ એ રેલીઓ માં નહી જતા હતા જયા વિરોધ થતો હતો. તમનું કહેવું હતું કે જો આપણે શાંતિ સ્થાપન કરવા માંગતા હોય તો તેને શાંતિથી કરો ન કી વિરોધ થી . આ શૃંખલામાં ભારત ભૂમિમાં બહુજ મોટા શાંતિમય પ્રકારથી મહાપરીવર્તન આરંભ થઇ ચુક્યો છે. સ્વયં પરમાત્માએ આનુ બીડુ ઉઠાવ્યું છે. સાંભળીને તમને આશ્ચર્ય જરૂર થયું હશે. પરંતુ આ વાત સંપૂર્ણ રીતે સત્ય છે,અરાવલ્લીની શૃંખલામાં આવેલું એક પવિત્ર સ્થાન માઉન્ટ આબુ મહાપરિવર્તન માટે એક અનુપમ ઉદાહરણ બની ગયું છે. અહી સ્વયં સંકટ હરતા, સુખદાતા સર્વ આત્માઓના પિતા, પરમપિતા શિવપરમાત્મા,નિરાકાર જયોર્તિબિંદુ આપણા સાકાર માધ્યમ પિતાશ્રી પજાપિતા બ્રહ્માના શરીરમાં અવતાર લઇ, બ્રહ્માવત્સો,બ્રહ્માકુમાર વ બ્રહ્માકુમારીયોં દ્વારા મહાપરિવર્તનનું કાર્ય યુધ્ધસ્તરે કરી રહ્યા છે.આ પરીવર્તન સ્વૈચ્છિક છે.એટલે અહિં કોઇ દબાવ કે જબરદસ્તી નથી.પરમાત્મા સૌથી પહેલા બધા જ આત્માઓ તેમના સ્વયંનો પરીચય આપે છે કે તમે એક સુંદર શકિતશાલી અવિનાશી આત્મા છો પરંતુ ઘણા સમય થી અજ્ઞાનતા ને કારણે પોતાને શરીર સમજે છે.જેના કારણે દુઃખ વ અશાંતિનું વાતાવતણ બનેલું છે બસ આજ એક પરીવર્તન છે. જે આપણને તે સ્વર્ણિમ સંસારની તરફ લઇ જશે. જયારે બધા પોત પોતાને મહાપરિવર્તનમાં કે હું એક અવિનાશી શાંત આત્મા છું અને મારી અંદર મારા અવિનાશી સતોગુણ સમાવેલ છે, હું સતોગુની છુ. બસ આજ આપણને સ્વર્ણિમ સંસારની તરફ લઇ જવામાં મદદ કરશે.

આ કાર્ય ૭૯ વર્ષ થી નિરંતર ચાલ્યા કરે છે અહીં દેશ-વિદેશના બહુજ વધારે કર્ણધારોએ પરિવર્તન કરી સ્વર્ણિમ દુનિયામાં આવવા માટે પોતાનું રજીસ્ટ્રેશન કરાવી લીધું છે.

મહાપરિવર્તનની આ પાવન વેલા માં પરમાત્મા શિવ આપણા બધાનું પણ આહ્વાન કરે છે. આઓ મારા વ્હાલા બાળકો હું તમારા માટે જ આ ધરતી, કલયુગી સંસારને સતયુગી સંસાર બનાવવા માટે જ અવતાર લીધો છે. આખા વિશ્વના ૧૩૭ દેશોમાં લગભગ ૯૦૦૦ થી વધારે સેવાકેન્દ્ર, તેમાં ૨૫૦૦૦ થી પણ વધારે સમર્પિત ભાઇ તેમજ બહેનો પોતાની સેવાઓ જનહિતના કાર્ય માટે આપી રહ્યા છે. એક ચરણબધ્ધ પધ્ધતિથી પરીવર્તન હેતું નિરંતર રાજયોગનો અભ્યાસ અને તેના સંબંધિત વાતો શિખવાથી આપણ ને આપણા જીવનમાં અવશ્ય પરીવર્તન કરી શકીએ છીએ. તો આવો આ દિશામાં પોતાનું પહેલું કદમ તો વધારો !.....

## પરમાત્મા 'શિવ' ગીતા જ્ઞાન દાતા...

બધી જ આત્માઓ,મહાત્માઓ,દેવાત્માઓ વગેરે ના પરમપિતા એક છે. તેને જ ભગવાન અથવા પરમાત્મા કહેવામાં આવે છે. જ્ઞાન,શાંતિ,આનંદ,પ્રેમ અને પવિત્રતાના સાગર પણ એ એક જ છે. આ મહિમા બીજી કોઇ પણ સામાન્ય આત્મા, મહાત્મા,દેવાત્મા વગેરે ની ન હોય શકે. આ દિવ્ય કર્તવ્ય માટે, તે દિવ્ય જન્મ લે છે, તે માતાના ગર્ભ થી જન્મ નથી લેતા, તે શૈશવ અવસ્થાઓ વા રાજયભાગ્ય તથા સુખ-સમ્પત્તિ નથી ભોગતા કેમકે તે અભોક્તા અને કર્માતીત છે. તે સંપૂર્ણ સૃષ્ટિના માતા-પિતા, અવિનાશી શિક્ષક તથા એક માત્ર સદ્ગુરૂ અર્થાત્ સદ્ગતિ દાતા છે. નિરાકાર શિવ વાસ્તવિક રૂપમાં પરમાત્માનું જ નામ છે. પરમાત્મા પોતાના સાકાર માધ્યમ પ્રજાપિતા બ્રહ્માના દ્વારા જે જ્ઞાન આપે છે તે ખુબ સરળ છે જેને કોઇ પણ અપનાવી શકે છે. ગીતા શબ્દ ગીતથી બન્યુ છે કેમકે ગીત બહુજ મધુર અને મનમોહક હોય છે જેને બધા જ લોકો સાંભળે છે અને આનંદ વિભાર બની જાય છે. તેવી જ રીતે, આ જ્ઞાન પણ એક ગીતની જેમ જ છે જેને બહુજ ધ્યાન થી સાંભળી તેના પર વિચાર કરી તેનો આનંદ લઇ એ તો મનમોહક કૃષ્ણનો જન્મ થાય છે. પરમાત્મા શિવ સત્ય ગીતા જ્ઞાન દાતા છે. જો ગીતાને સાંભળીને જ મનમોહનની જેવા બની જવાય છે. શ્રીમદ્ભગવદ્



ગીતા માટે સંસારમાં લોકો કહે છે કે આને સાંભળીને મોક્ષ વા સ્વર્ગની પ્રાપ્તિ થઇ શકે છે અને જીવની અંતિમ ક્ષણોમાં ગીતા જરૂર સાંભળવી જોઇએ, આવી એક માન્યતા છે. આ વિચારવા જેવું છે કે બધા એ આ જીવન સમય દરમ્યાન અને અંતિમ સમયમાં ગીતા સાંભળે યા વાંચે છે પણ તેમને શું મોક્ષ વા સ્વર્ગ મળ્યું હશે ? આજે એજ મોક્ષ વા સ્વર્ગને આપવા માટે પરમાત્મા સ્વયં આ ધરતી ઉપર અવતાર લઇ સહજ ગીતા જ્ઞાન દ્વારા સ્વર્ણિમ સંસાર લાવવા માટે અદ્ભૂત કાર્ય કરી રહ્યા છે. એમ પણ ગીતામાં વર્ણન છે મને પરમાત્માને સમજવા અને જાણવા માટે દિવ્યચક્ષુ અથવા દિવ્યજ્ઞાન જોઇએ તેના વગર મને જાણી ન શકાય.ભગવાન શિવના આ જ્ઞાનને જ ગીતા કહેવું જોઇએ એવું અમારુ માનવું છે. જેને બધા સમજીને તે રસ્તા પર ચાલી પોતાના જીવનમાં લાવી, અપનાવીને દેવત્વ લાવી શકે છે. ગીતાનું જ્ઞાન જ્ઞાનના સાગર ,પતિત પાવન, સર્વઆત્માઓના પરમપિતા માનવને દેવતા બનાવવા એક માત્ર ભગવાન શિવે આપ્યું હતું, જે ઓ શ્રી કૃષ્ણના પણ પરમપિતા છે. શ્રી કૃષ્ણે તો એ પરમ સદ્ગુરૂ શિવ પાસેથી જ શ્રી નારાયણનું પદ પ્રાપ્ત કર્યું હતું. એટલે જ વૃંદાવનમાં ગોપેશ્વરનું મંદિર છે જેમાં બતાવ્યું છે કે ભગવાન શિવ શ્રી કૃષ્ણના પણ પુજ્ય છે અને ગોપ-ગોપિયોં પણ તેને ઇશ્વર માને છે

## સ્વયં પરમાત્માએ પરીચય આપ્યો

### દાદા લેખરાજ ને થયો નવી દુનિયાની સ્થાપના એવમ્ કલિયુગના વિનાશનો સાક્ષાત્કાર.

દાદા લેખરાજ એક દિવસ વારાણસીમાં પોતાના મિત્રને ત્યા ગયા હતા કે ત્યા રાત્રીના સમયે અચાનક આ દુનિયાનો ભયંકર મહાવિનાશનો સાક્ષાત્કાર થયો હતો. એવા વિનાશકારી હથિયારોનો સાક્ષાત્કાર થયો કે જે સમયે તેની પરીકલ્પના પણ કરી ન હતી, ફરી તેના પછી નવી દુનિયાની સ્થાપના માટે આકાશમાંથી ઉતરતા દેવી-દેવતાઓનો પણ સાક્ષાત્કાર થયો. દાદા લેખરાજ ને આ વાત સમજમાં ન આવી. પછી જ્યારે તે પોતાના ઘરે ગયા અને એક દિવસ પોતાના કમરામાં બેઠા હતા ત્યારે તેમની અંદર નિરાકાર



પરમાત્માએ પ્રવેશ કરી સાક્ષાત્કાર કરાવ્યા તથા સ્વયં પરમાત્માએ પરીચય આપ્યો કી- નિજાનંદ સ્વરૂપ શિવોહમ્,શિવોહમ્,આનંદ સ્વરૂપ શિવોહમ્-શિવોહમ્,પ્રકાશ સ્વરૂપમ્ શિવોહમ્-શિવોહમ્

આ પરીચયની સાથે સ્વયં પરમપિતા પરમાત્માએ એ આદેશ આપ્યો કે હવે તારે એક નવી દુનિયા બનાવવાની છે અહીં થી શરૂ થયું પરમપિતા પરમાત્માનું સૃષ્ટિ પરીવર્તનનું ગુપ્ત કાર્ય જે આજ સુધી નિરંતર ચાલી રહ્યું છે.

### વ્યર્થથી મુક્તિ મળી.



બધાને જીવન જીવવાની કળા પરમાત્મા સ્વયં આ ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયના માધ્યમથી આપે છે. એટલે જ આને ગૉડલી યુનિવર્સિટી કહેવામાં આવે છે. જયારે હું પરમાત્માને મળ્યો તો મારા બધા જ વ્યર્થ સંકલ્પ સમાપ્ત થઇ ગયા અને પૉઝીટીવ સંકલ્પની રચના થવા લાગી, મારા શરીરમાં ઉર્જાનો સતત્ પ્રવાહ ચાલવા લાગ્યો અને એવો અનુભવ થયો કે આનાથી વિશેષ દુનિયામાં બધુ સારહીન છે. આ જ્ઞાન દ્વારા જે મને એકાગ્રતાની શક્તિ મળી છે તેના દ્વારા મને બે પાર્ટીઓની વચ્ચે મતભેદ સૉલ્વ કરવામાં બહુજ મદદ મળે છે. આ દુનિયાનું પરિવર્તન આ ઇશ્વરીય વિશ્વ વિદ્યાયલના માધ્યમથી જ સંભવ છે.-બી.ડી.રાઠી,હાઇ કોર્ટ જજ,ગ્વાલિયર.

### હૉં, પરમાત્માને મળી ચુક્યો છું



આ એક એવું વિશ્વ વિદ્યાલય છે, જયાં જાતિ,ધર્મ,દેશનો કોઇ ભેદભાવ નથી. અહીં જ એ શિક્ષણ મળે છે જેના થી સ્વયંને અને પરમાત્માપિતાને ઓળખી શકીએ છીએ આ બીજી સંસ્થાઓ થી અલગ છે કેમકે અહીં બધાને ઊંચા સંસ્કાર જાગૃત કરવાનું શિક્ષણ મળે છે. હું આ સંસ્થામાં આવીને સ્વયં પરમપિતા પરમાત્માને મળ્યો,તેમની સાથે વાત કરી. એ અનુભવને સ્પષ્ટ કરવો પણ મુશ્કિલ લાગે છે . કોઇ પણ ધર્મપિતા,મહાનનેતાએ વિશ્વની આટલી સેવા નથી કરી જેટલી પરમાત્મા શિવના પ્રવેશ પછી બ્રહ્માબાબા એ કરી. -વી.ઇશ્વરૈય્યા,પૂર્વ એકિટંગ ચીફ જસ્ટિસ,આંધ્રપ્રદેશ ઉચ્ચ ન્યાયાલય.

### પરમાત્મા શિવ મનુષ્યથી દેવતા બનાવી રહ્યા છે



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય બીજા વિદ્યાલયો વા સંસ્થાઓથી અલગ એટલે છે કેમકે આની સ્થાપના સ્વયં પરમાત્મા શિવે કરી છે. આ વિશ્વ વિદ્યાલયનો ઉદ્દેશ્ય છે મનુષ્યને દેવતા બનાવવા. પરમાત્માને મળ્યા પછી મારું જીવન દિવ્યતાથી ભરાઇ ગયું. અમારા જીવનમાં આધ્યાત્મિક ઉન્નિત આવવા લાગી. અને એવી દિવ્ય શક્તિઓ પ્રાપ્ત થાય છે. જેનો અમે હર પરિસ્થિતિઓમાં ઉપયોગ કરી સફળતાને પ્રાપ્ત કરી શકીએ છીએ. - ધરમેશ,સિટિંગ જજ,રાજકોટ.

# તેમણે બધાએ તેમની જ પુજા...વ યાદ કર્યા.

### ઇસા મસીહ એ પરમાત્માને કહ્યુ

ઇસા મસીહ(જીજીસ-ક્રાઇસ્ટ)એ ગૉડને લાઇટ કહ્યા છે તેઓ એ કહ્યું ગૉડ ઇજ લાઇટ, આઇ એમ ધ સન ઑફ ગૉડ. જીજીસે કયારેય એવું નથી કહ્યુ કે આઇ એમ ગૉડ. તેઓ એ પણ એ લાઇટને પરમાત્માનું સ્વરૂપ બતાવ્યુ.

### હજરત મૂસા વા ઇબ્રાહીમ

ઓલ્ડ ટેસ્ટામેંટમાં બતાવ્યુ છે કે જયારે હજરત મૂસા શિનાઇ પર્વત પર ગયા તો ત્યા તેમને પરમજયોતિના સાક્ષાત્કાર થયા જેને જોઇને હજરત મૂસા એ કહ્યું જેહોવા ! તેજ ને નામ આપ્યુ જેહોવા અને આ પ્રકાશે તેમને બે પત્થરો ઉપર દસ આદેશ આપ્યા જે આજે પણ તેઓના ઓલ્ડ ટેસ્ટામેંટમાં લખેલા પ્રતિક છે.

### ઓમકાર સત્‌નામ

શિખ્ખોંના ધર્મસ્થાપક ગુરૂનાનક એ પરમાત્માને ઓમ્ આકાર કહ્યા છે જેમકે જયોતિસ્વરૂપ શિવ પરમાત્માના એક પ્રસિધ્ધ મંદિરના નામથી ઓમકારેશ્વર છે. તેઓ એ બહુ સ્પષ્ટ શબ્દોમાં પરમાત્માના સત્ય સ્વરૂપનું વર્ણન કયું છે.તે નિરાકાર છે,નિર્વૈર છે,સત્‌નામ છે. જેને કાલ પણ ખાઇ નથી શકતો ગુરુ ગોવિદસિંહજી ના શબ્દ થી તેમને પરમાત્મા શિવથી વરદાન માંગવાની યાદ અપાવે છે તેનાથી સ્પષ્ટ છે કે પરમાત્મા શિવ એક ધર્મ ના પુજ્ય નથી પરંતુ વિશ્વની બધી જ આત્માઓ ના પરમપુજ્ય પરમપિતા છે.

### મિસ્ત્રએ પણ સ્વીકાર્યુ પરમાત્માનું અસ્તિત્વ.

મિસ્ત્રમાં શિવલિંગની પુજા આઇસિસ અને ઓસિરિસ નામથી થાય છે. ઓસિરિસ શબ્દ ઈશ શબ્દથી બન્યું છે. શિવલિંગની પ્રતિમાની પાસે તેઓ બળદની મૂર્તિ રાખ્યા કરતા હતા.




પરમાતમા ના વિષયમાં કહેવામાં આવે છે કે તે આવા છે, તેવા છે પરંતુ તે કેવા છે, આમા બધા બેસમજમાં રહ્યા. આદિકાળથી અત્યાર સુધી બધા પરમાત્માને જયોતિબિંદુ રૂપમાં પુજન અને યાદ ક્યાં છે.ભલે તેની યાદગાર લિંગરૂપમાં હોય કે પછી પ્રકાશ રૂપમાં હોય, કે ગોળ પત્થરના રૂપમાં હોય. તે જ નિરાકાર પરમાત્મા શિવને બધાએ યાદ કર્યા અને તેમની યાદગાર અલગ-અલગ સ્થાનો પર પણ છે. જેમની કોઈ સાકાર પ્રતિમા નથી પરંતુ એક પ્રતિકના રૂપમાં છે. તેમણે બધાએ તેમની જ પુજા...વ યાદ કર્યા.

### મુસ્લિમોંના પણ છે નૂર-એ-ઇલાહી

ભારતમાં પરમપિતા પરમાત્મા શિવના જયોતિ સ્વરૂપ શિવલિંગની વ્યાપક સ્તર પર માન્યતા તો છે જ પરંતું ભારત થી બહર પણ બીજા ધર્મોના લોકો પણ તેમને માન આપે છે. મુસલમાનોના પવિત્ર સ્થાન મક્કામાં પણ આજ આકારમાં પત્થર છે જેને તેઓ સંગે-એ-અસવદ્ કહે છે. પરંતુ તેઓ એ રહસ્યને નથી જાણતા કે તેઓના ધર્મમાં મૂર્તિ પુજાની માન્યતા ન હોવા છતાં પણ શિવલિંગ આકારવાળા પત્થરની સ્થાપના કેમ કરવામાં આવી છે ? તેમને તે લોકો નૂર-એ-ઇલાહી પણ કહે છે. નૂર-એ-ઇલાહી અર્થાત્ તે નૂર,તે તેજ,તે તેજોમય સ્વરૂપ જેને આપણે જયોતિલિંગમ કહી,જયોતિ સ્વરૂપ કહ્યું જયોતિ એટલેજ તેજ એટલે જ મુસલમાન જયારે નમાજ કરવા બેસે છે તો મક્કની દિશામાં જ નમાજ કરે છે. જેને ભારત વર્ષનાં મક્કેશ્વર કહેવામાં આવે છે.અર્થાત મુસલમાનો ના અલ્લાહ, નૂર-એ-ઇલાહી કહીને નિરાકાર ને જ યાદ કર્યા.

### શિવ, શ્રી રામના પણ આરાધ્ય

પરમાત્મા શિવની પૂજા રામેશ્વરના રૂપમાં સ્વયં શ્રી રામે પણ કરી છે. શિવ શ્રી રામના પણ ભગવાન છે. વિચારવાની વાત છે કે જો શ્રી રામ ભગવાન હોય તો તેમને તે નિરાકાર જયાર્તિલિંગમ્ ની પુજા કરવાની શું આવશ્યકતા થઇ ? તે જાણતા હતા કે રાવણને પોતાની જે શકિતનું અભિમાન છે તે તો તેમણે પરમાત્મશિવની તપસ્યા,આરાધના કરીને પ્રાપ્ત કરી હતી.કહેવામાં આવે છે કે રાવણ પણ શિવના ભક્ત હતા. તો શિવની શક્તિની સામે યુધ્ધ કરવા માટે તેમને પણ પરમ શક્તિ પરમાત્માની શક્તિ વગર તે યુધ્ધમાં વિજયી નહી મેળવી શકશે. અતઃ સિધ્ધ છે કે તેઓ એ પણ શિવની આરાધના કરી હતી.



### શ્રી કૃષ્ણાએ પણ કરી પુજા.

મહાભારત યુધ્ધ પહેલ કુરૂક્ષેત્રના મેદાનમાં સ્વયં શ્રી કૃષ્ણએ પણ થાનેશ્વર-સર્વશ્વરની સ્થાપના કરી પરમપિતા સર્વશક્તિમાન્, ગુણોના ભંડાર,નિરાકાર શિવની પુજા-અર્ચના કરી અને તે શક્તિઓના દાતાથી શક્તિ પ્રાપ્ત કરી યુધ્ધના મેદાનમાં ઉતર્યા.શ્રી કૃષ્ણ એ પાંડવો દ્વારા પણ શિવની પુજા કરાવી. ત્યાર બાદ તેઓ યુધ્ધ ના મેદાનમાં ઉતરીયા અને કૌરવોની ઉપર વિજય પ્રાપ્ત કરી, શિવને ભોલાનાથ પણ કહેવામાં આવે છે. કેમકે તેઓ સહજ જ પ્રસન્ન થઇ જાય છે.



### પારસીઓ એ પણ જ્યોતિરૂપ પરમાત્માને માન્યા.

પારસીઓની અગ્યારીમાં જઇએ તો ત્યા પર હોળી ફાયર મળે છે કહેવામાં આવે છે કે પારસી લોકો જયારે ઇરાન થી ભારતમાં આવ્યા ત્યારે જાગતી જ્યોતિનો ટુકડો લઇને આવ્યા અને તેઓએ કહ્યું કે આ અંખડ જયોત છે. આજે પણ નવી અગ્યારી સ્થાપન થાય છે.તો તેઓ જાગતી જયોતના એક ટુકડો લઇને ત્યાં સ્થાપન કરે છે. જે સદાય જાગતી છે, જે સદાય અંખડ છે પરમાત્માનું દિવ્ય સ્વરૂપ છે. તો આ ધર્મમાં જયોતિ સ્વરૂપ પિતા પરમાત્માને જ માન્ય ગણે છે.

### ગિરજાઘરનું રહસ્ય.

રોમમાં શિવલિંગને પ્રિયપસ કહે છે. તે જ ઇટલી માં ગિરજામાં શિવલિંગની પ્રતિમાં રાખવામાં આવે છે.ગિરજા શબ્દ ગિરીજાથી બન્યો છે. ગિરીજાનો અર્થ પાર્વતી છે.બધી આત્માઓ રૂપી પાર્વતિઓ પ્રતિ પરમાત્મા શિવની પ્રતિમા તેમાં સ્થાપિત કરી હતી. એટલે જ ચર્ચનું નામ ગિરજાઘર છે.

## શંકરે પણ ક્યુઁ શિવનું ધ્યાન

ઘણા લોકો શિવ અને શંકરમાં અંતર નથી સમજતા. તેઓ કહે છે કે શિવ અને શંકર એક જ ઇષ્ટના બે નામ છે. હવે પ્રશ્ન ઉઠે છે કે શિવલિંગ નામની પ્રતિમા અને શંકરની દેવાકારની મૂર્તિ આ બે અલગ, ભિન્ન-ભિન્ન રૂપ વાળા સ્મરણ ચિન્હ ક્યા છે ? કોઇ વ્યક્તિના પિતાને તેમના મિત્ર ગુપ્તાજી અથવા રમેશચંદ્રજી અને તેમના પણ માતા-પિતા રમ્મુ અથવા મેશી કહીને બોલાવે આ તો થઇ શકે. પરંતુ તે વ્યક્તિનું ચલચિત્ર અથવા કલાકાર દ્વારા બનાવેલી પ્રતિમૂર્તિ એક જ રૂપની હશે ને ? બાળરૂપની અને વૃધ્ધરૂપની એમ બે અલગ રૂપ વાળી ફોટો પણ હોય શકે. જેમાં ઘણું અંતર દેખાતું હોય પરંતુ બંને સશરીર,સકાય અર્થાત પિન્ડ ધારણ કરેલું તા હશે ને ? પરંતુ શિવ પિન્ડ તો ઓમકાર જ હોય છે અને શંકરની મૂર્તિ અંગ-પ્રત્યંગ સાથે જ સદાય સ્થાપિત અને પુજાય છે. આમ પણ તે દેવાકાર મૂર્તિના કાઇ અંગ થોડા પણ ખંડિત થઇ જાય તો તેના અંગ-ભંગ મૂર્તિની પૂજાને યોગ્ય ,માનવામાં નથી આવતા પછી શિવની મડલાકાર પ્રતિમાં ને તો જયોતિલિંગમ થી જ માનવામાં આવે છે. જેમકે શંકરજીને આ સંજ્ઞા નથી આપવામાં આવતી અન્યથા તો શંકરજી તો સમાધિ સ્થિત જ પ્રાયઃ બતાવ્યા છે જે આ વાતનું પ્રતિક છે કે તે સ્વયં પણ કોઇ ધ્યેય ના ધ્યાનમાં મનને સમાવી રહ્યાં છે જેમ કે શિવ પિન્ડમાં એવો કોઇ ભાવ પ્રગટ ન થવાને કારણે સ્વયં જ પરમ સ્મરણીય છે. અતઃ બંનેનું અંતર પ્રત્યક્ષ જ છે. તો પણ તેને એક બાજુ રાખી ઘણા લોકો શિવલિંગને પ્રથમ-સ્થાનમાં રાખી તેના પર શંકરની મુખાકૃતિ અકિંત કરી દે છે તો પણ તેને એક બાજુ રાખી ઘણા લોકો શિવલિંગને પ્રથમ સ્થાનમાં રાખી તેના પર શંકરની મુખાકૃતિ અકિંત કરી દે છે અને અન્ય કોઇ ચિત્રકાર શંકરજી થી જયોર્તિલિંગને પ્રગટ થતા બતાવે છે. અને પુરાણોમાં એવી પણ કથા અંકિત છે કે શિવ શંકરજીનો જ એક શરીરનો ભાગ છે ! સાચે જ, આતો મનુષ્યની અજ્ઞાનતાની પરાકાષ્ઠા જ છે કે તે એક તરફ ખંડિત શરીર વાળા દેવની પુજા નથી કરતા અને બીજી તરફ તે કોઇ એક જ શરીરના ભાગની પુજાની વાત કરે છે. સ્પષ્ટ રૂપમાં આ વિવેક વિરુધ્ધ છે..





### જાપાનમાં ચિંકોનસેકીનું સ્મરણ

જાપાનમાં શિકોનિજમ સેકટ વાળા ત્રણ ફુટની ઊંચાઈ ઉપર અને ત્રણ ફુટ દુર બેસીને એક થાળીમાં રાખેલ લાલ પત્થર પર ધ્યાન લગાવે છે અને આ પવિત્ર પત્થર ને કરનીનો પવિત્ર પત્થર કહે છે. તેનું નામ બતાવ્યું છે ચિંકોનસેકી જેનો અર્થ શાંતિના દાતા છે અને તેઓ તેને પરમાત્માનું સ્વરૂપ માને છે. ચીનમાં શિવલિંગને હુવેડ-હિફહ કહેવામાં આવતું હતું મિસ્ત્રમાં પણ સેવા નામથી પુજા થતી હતી. ફિજી દેશના નિવાસી શિવને સેવા યા સેવાજિયા ના નામથી પુજાય છે.જાપાનમાં ચિંકોનસેકીનું સ્મરણ

-:સ્થાનિક સેવાકેન્દ્ર નું સરનામું :-

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય.**